સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિધાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS


WEEK 15



APRIL 2024
07-04-24 To 13-04-24

સંપાદક
મૌલિક ગોંધિયા





સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**07 APR-2024**

- દિવસ મહિમા : 07 એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ (World Health Day) .......... 02
- કચ્છમાં 5200 વર્ષ જૂનું નગર મળી આવ્યું .......... 03
- QUESTION ANSWERS .......... 06

**08 APR-2024**

- DRDOએ પશ્ચિમ બંગાળમાં પરીક્ષણ કેન્દ્ર માટે પ્રોજેક્ટ શરૂ કર્યો .......... 07
- યોગ મહોત્સવ 2024 .......... 07
- રાજસ્થાનમાં વિશ્વનું પ્રથમ ઓમ આકારનું મંદિર .......... 08
- QUESTION ANSWERS .......... 09

**09 APR-2024**

- દિવસ મહિમા : 09 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ .......... 10
- સ્લોવાકિયાના નવા રાષ્ટ્રપતિ .......... 10
- અબ્દેલ ફત્તાહ અલ-સીસીએ ત્રીજી ટર્મ માટે ઇજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા .......... 10
- WIPROના નવા CEO : શ્રીનિવાસ પલિયા .......... 10
- QUESTION ANSWERS .......... 11

**10 APR-2024**

- દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ .......... 12
- ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવરપ્લાન્ટ .......... 12
- સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદન ટેક્નોલોજી .......... 16
- QUESTION ANSWERS .......... 18

**11 APR-2024**

- દિવસ મહિમા : 11 એપ્રિલ, રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ, વિશ્વ પાર્કિન્સન્સ દિવસ (World Parkinson's Day) .......... 19
- સાઈમન હેરિસ આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન બન્યા .......... 20
- વૈશ્વિક હેપેટાઈટિસ રિપોર્ટ 2024 (Global Hepatitis Report 2024) .......... 20
- QUESTION ANSWERS .......... 22

**12 APR-2024**

- દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International of Human Space Flight) .......... 23
- જસ્ટિસ અનિરુદ્ધ બોઝ નેશનલ જ્યુડિશિયલ એકેડેમીના વડા તરીકે નિયુક્ત .......... 23
- ગોડ પાર્ટિકલની શોધ માટે જાણીતા પીટર હિગ્સનું નિધન .......... 23
- QUESTION ANSWERS .......... 24

**13 APR-2024**

- જલિયાવાલા બાગ હત્યાકાંડની 104મી વર્ષગાંઠ .......... 25
- દોસ્તી-16 ત્રિપક્ષીય કવાયત : ભારત-માલદીવ-શ્રીલંકા .......... 27
- ભારતનો પ્રથમ સૈન્ય - ગ્રેડ જિયોસ્પેશિયલ સેટેલાઈટ TSAT - 1A ખાનગી ક્ષેત્ર દ્વારા લોન્ચ .......... 27
- QUESTION ANSWERS .......... 29

**ONE LINER** .......... 30

**QUESTION OF THIS WEEK** .......... 33


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ (World Health Day)

સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે World Health Organization (WHO) દ્વારા દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' અથવા તો 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વના લોકોના આરોગ્યની દેખરેખ રાખતી વૈશ્વિક સંસ્થા WHOની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 1948માં WHOની પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં લેવાયેલા નિર્ણય અનુસાર ઈ.સ. 1950થી દર વર્ષે 7 એપ્રિલના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2024ની 'World Health Day'ની થીમ

- વર્ષ 2024ની 'World Health Day'ની થીમ 'My Health, My Right' છે.




### WHOના 8 અભિયાન

WHO દ્વારા ઓફિસિયલી 8 અભિયાનોની જાહેરાત કરવામાં આવી છે.

- WHOના આ આઠ અભિયાનોમાં 'વિશ્વ આરોગ્ય દિવસ'નો પણ સમાવેશ થઈ જાય છે.
- WHOના આ આઠ અભિયાનોના નામ આ પ્રમાણે છે : વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ ક્ષય રોગ દિવસ, વિશ્વ મેલેરિયા દિવસ, વિશ્વ રસીકરણ સપ્તાહ, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ રક્તદાન દિવસ, વિશ્વ તમાકુ નિષેધ દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ.

### WHO

WHOનું પૂરું નામ 'World Health Organization' છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખરેખ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

World Health Organization

**નોંધ :** WHOના વર્તમાન (એપ્રિલ 2024ની સ્થિતિએ) 8મા અધ્યક્ષ અથવા તો Director General શ્રી ટેડરોસ અધનમ (Tedros Adhanom Ghebreyesus) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## કચ્છમાં 5200 વર્ષ જૂનું નગર મળી આવ્યું



તાજેતરમાં કચ્છમાંથી હજારો વર્ષ જૂના વધુ એક પ્રાચીન નગરના અવશેષો મળી આવ્યા છે.

- ખોદકામ દરમિયાન લખપત તાલુકાના ખટિયા પડદા બેટમાં 5200 વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે.
- કેરલા યુનિવર્સિટીના પુરાતત્વીય વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અભયન જી. એસ. અને ડૉ. રાજેશ એસ. વી.ના માર્ગદર્શન હેઠળ ફેબ્રુઆરીથી માર્ચ 2024 દરમિયાન ખોદકામ કરાયું હતું.

### ખોદકામ દરમિયાન મળેલા અવશેષો

ખોદકામમાં ગોળ અને લંબગોળ આકારના બે મકાનના પાયાના અવશેષો મળ્યા છે, જે સ્થાનિક રેતિયા પથ્થરમાંથી બનાવવામાં આવ્યા હતા.

- આ ઉપરાંત માટીના વાસણના ટુકડા પણ મળ્યા છે, જેમાં નાના–મોટા માટલાઓનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત સેમી પ્રેશિયસ સ્ટોન પણ મળી આવ્યા હતા.
- ગાય અને બકરી જેવા પ્રાણીઓના હાડકાના ટુકડાના અવશેષો પણ મળી આવ્યા છે.

### અન્ય માહિતી

આ વિસ્તારમાં ખોદકામ કરતા જૂનું કબ્રસ્તાન પણ મળી આવ્યું છે.

- આ સાઈટ જોઈને પુરાતત્વવિદ્દોએ જણાવ્યું હતું કે આ સાઈટ લગભગ 5000 વર્ષ કરતા પણ પ્રાચીન હડપ્પન (સિંધુ ખીણની સભ્યતા) સંસ્કૃતિનો એક ભાગ છે.
- અહીં પશુપાલકો રહેતા હોવાનો અંદાજો લગાવવામાં આવ્યો છે.
- પશુપાલકો કાળક્રમે તે જ જમીનમાં નામશેષ થયા હોવાનું પણ સામે આવ્યું છે.

**નોંધ :** (1) 2024ના વર્ષમાં ગુજરાતમાં 4 મહિનામાં ત્રીજું આ પ્રાચીન નગર મળી આવ્યું છે.

(2) 17 જાન્યુઆરીના રોજ વડનગરમાં 2800 વર્ષ જૂનું પ્રાચીન નગર મળ્યું હતું.


(3) ત્યારબાદ ફેબ્રુઆરીમાં ધોળાવીરાની નજીક બીજું નગર મળ્યું હતું. ધોળાવીરાથી 51 કિ.મી. દૂર લોદ્રાણી ગામમાં 4500 વર્ષ જૂનું નગર મળી આવ્યું હતું.

## ગુજરાતના સિંધુ સભ્યતાના સ્થળો

- કચ્છ : ધોળાવીરા, સૂરકોટડા, દેશલપર, શિકારપુર, પબુમઠ, લાખાપર, ખીરસરા, કુરન, જૂની કુરણ, નવીનાળ, ભડલી કોટડા, નાગેશ્વર, કાનમેર
- રાજકોટ : રોજડી (શ્રીનાથગઢ), (આટકોટ)
- અમરેલી : બાબરકોટ, ગોલઢોરો
- જામનગર : લાખાબાવળ, અમરાપર
- સુરેન્દ્રનગર : રંગપુર
- ગીરસોમનાથ : પ્રભાસપાટણ, કંજેતર, કાજ
- ભરૂચ : ભાગાતળાવ, મેઘમ
- અમદાવાદ : લોથલ
- મોરબી : કુંતાસી
- દેવભૂમિ દ્વારકા : બેટદ્વારકા
- ભાવનગર : પાદરી (કેરોલાના ઢોરો)
- પાટણ : લોટેશ્વર (તા. શંખેશ્વર)
- મહેસાણા : લાંઘણજ, કોટ–પેઢામલી
- સુરત : માલવણ
- બોટાદ : વેજલકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## ગુજરાતના પુરાતત્વીય સ્થળો



**નોંધ :** (1) ઈ.સ. 1826માં સૌપ્રથમ વખત <u>ચાર્લ્સ મર્સને હડપ્પીયન સભ્યતાના અવશેષો જોયા</u> અને તેના પર નોંધ લખી.

(2) <u>ઈ.સ. 1856માં</u> રેલમાર્ગ બનાવતી વખતે <u>એલેક્ઝાંડર કનિંગહામે</u> સૌપ્રથમ સિંધુ ખીણ સંસ્કૃતિની જાણકારી આપી હતી.

(3) <u>રંગપુર ગુજરાતમાં સૌપ્રથમ શોધાયેલું સિંધુ સંસ્કૃતિનું</u> નગર હતું.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ આરોગ્ય દિવસ' અથવા 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ (C)

2. વર્ષ 2024ની 'વિશ્વ આરોગ્ય દિવસ'ની થીમ શું છે ?

(A) Working together to Health

(B) Our Planet, Our Health

(C) International Health Security

(D) My Health, My Right (D)

3. તાજેતરમાં ખટિયા પડદા બેટમાં 5200 વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે, સિંધુ સભ્યતા સંબંધિત આ સ્થળ કયાં આવેલું છે ?

(A) લખપત, કચ્છ (B) કાલીબંગા, રાજસ્થાન

(C) રોપડ, પંજાબ (D) મેઘમ, ભરૂચ (A)

4. સિંધુ સભ્યતાના સ્થળ દેશલપર, લાખાપર, ભડલી કોટડા અને શિકારપુર કયા જિલ્લામાં આવેલ છે ?

(A) સુરેન્દ્રનગર (B) ભરૂચ (C) કચ્છ (D) પાટણ (C)

5. સિંધુ સભ્યતાનું સ્થળ 'પાદરી' (કેરલાના ઘોરો) કયા જિલ્લામાં આવેલું છે ?

(A) સુરત (B) ભાવનગર (C) અમરેલી (D) ભરૂચ (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## DRDOએ પશ્ચિમ બંગાળમાં પરીક્ષણ કેન્દ્ર માટે પ્રોજેક્ટ શરૂ કર્યો




ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ દેશની શસ્ત્ર પ્રણાલીઓ માટે પરીક્ષણ કેન્દ્ર સ્થાપિત કરવા માટે પશ્ચિમ બંગાળના જુનપુટ ગામમાં એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

- આ પહેલનો ઉદ્દેશ ઓડિશાની ચાંદીપુર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પર ટેસ્ટિંગ વર્કલોડને ઓછો કરવાનો અને ઓપરેશનલ ક્ષમતાઓને વધારવાનો છે.
- બંગાળની ખાડી પાસે આવેલા ચાંદીપુરની જેમ જુનપુટને તેના વ્યૂહાત્મક સ્થાન માટે પસંદ કરવામાં આવ્યું છે.
- દીઘા નજીક 8.73 એકરમાં ફેલાયેલી આ સાઈટનો હેતુ સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રોમાં આવા મૂલ્યાંકનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને શસ્ત્ર પ્રણાલીના સમયસર ટ્રાયલની સુવિધા આપવાનો છે.
- જુનપુટમાં સૂચિત પરીક્ષણ કેન્દ્રને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને તરફથી મંજૂરી મળી છે.
- સલામતી અને પર્યાવરણીય સભાનતા પર ભાર મૂકતા DRDO સલામતીના ધોરણોનું પાલન અને પરીક્ષણો દરમિયાન સ્થાનિક સમુદાયોને ન્યૂનતમ વિક્ષેપની ખાતરી આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યોગ મહોત્સવ 2024



તાજેતરમાં પુણેમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના 75 દિવસ પહેલા 'યોગ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સહભાગીઓએ કોમન યોગા પ્રોટોકોલ (CYP)ને સંપૂર્ણ લય અને સંવાદિતા સાથે મંત્રમુગ્ધ પરિણામો સાથે રજૂ કર્યા હતા.
- નોંધનીય છે કે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 11 ડિસેમ્બર, 2024ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## રાજસ્થાનમાં વિશ્વનું પ્રથમ ઓમ આકારનું મંદિર

રાજસ્થાનના પાલી જિલ્લાના જડન ગામમાં આઈકોનિક ઓમ આકારમાં ડિઝાઈન કરાયેલ વિશ્વના પ્રથમ મંદિરનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- ઓમ આકાર મંદિર તરીકે જાણીતું આ સ્મારક માળખું પાલી જિલ્લાના જડન ગામમાં નાગારા શૈલીમાં 250 એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું છે.
- પવિત્ર પરિસરમાં ભગવાન મહાદેવની 1008 મૂર્તિઓ અને 12 જ્યોતિર્લિંગ ધરાવે છે.
- તે 2000 સ્તંભો અને 108 ઓરડાઓ સાથે 135 ફૂટ ઊંચું છે.
- 2 લાખ ટનની ટાંકી તેની ભવ્યતાને વધારે છે, જે અવકાશમાંથી દેખાય છે.
- આ ભવ્ય પ્રોજેક્ટ પાછળના સ્વપ્નદ્રષ્ટા વિશ્વ ગુરુ મહામંડલેશ્વર પરમહંસ સ્વામી મહેશ્વર નંદ પુરીજી મહારાજ છે, જેઓ ઓમ આશ્રમના સ્થાપક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. DRDO કયા રાજ્યમાં શસ્ત્ર પ્રણાલીઓ માટે એક પરીક્ષણ કેન્દ્રની સ્થાપના કરી રહ્યું છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) ગોવા **(A)**

2. તાજેતરમાં નીચેના પૈકી કયા સ્થળે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના 75 દિવસ પહેલા 'યોગ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) અમદાવાદ (B) પૂણે (C) ઉદયપુર (D) નોઈડા **(B)**


3. 'વિશ્વ યોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(B)**

4. તાજેતરમાં વિશ્વના પ્રથમ ઓમ આકારના મંદિરનું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ?

(A) ઉત્તરપ્રદેશ (B) કેરળ (C) ઓડિશા (D) રાજસ્થાન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 એપ્રિલ, CRPF શૌર્ય દિવસ

## સ્લોવાકિયાના નવા રાષ્ટ્રપતિ



તાજેતરમાં પીટર પેલીગ્રીનીએ સ્લોવાકિયાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે.

- જેણે વડાપ્રધાન રોબર્ટ ફિકોની સરકારના રશિયા તરફી વલણને મજબૂત બનાવ્યું છે.
- પીટર પેલેગ્રિનીએ 53.26% મત મેળવ્યા હતા, જેણે પશ્ચિમ તરફી વિરોધ પક્ષના ઉમેદવાર ઈવાન કોરકોકને હરાવ્યા હતા.
- 15 જૂન, 2024થી તેઓ સ્લોવાકિયાના છઠ્ઠા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપશે.

નોંધ : (1) સ્લોવાકિયા મધ્ય યુરોપમાં એક લેન્ડલોક દેશ છે.

(2) તેનું પાટનગર અને સૌથી મોટું શહેર બ્રાતિસ્લાવા છે.

## અબ્દેલ ફત્તાહ અલ-સીસીએ ત્રીજી ટર્મ માટે ઇજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા



અબ્દેલ–ફત્તાહ અલ–સીસીએ 2 એપ્રિલ, 2024ના રોજ ઈજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે તેમની ત્રીજી મુદત માટે શપથ લીધા હતા.

- અબ્દેલ ફત્તાહ અલ સીસીએ ડિસેમ્બર, 2023માં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભારે બહુમતી સાથે જીત મેળવી હતી.
- તેઓએ ચૂંટણીમાં 89.6% મત સાથે વિજય મેળવ્યો હતો.
- તેઓ 8 જૂન, 2014થી ઈજિપ્તના રાષ્ટ્રપતિનું પદ સંભાળી રહ્યા છે.
- તેમણે અગાઉ ઈજિપ્તના સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.

## WIPROના નવા CEO : શ્રીનિવાસ પલિયા

તાજેતરમાં WIPROના CEO પદેથી શ્રી થિએરી ડેલાપોર્ટેએ રાજીનામાની જાહેરાત કરી હતી.

- ત્યારબાદ તેમના સ્થાને કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ શ્રીનિવાસ પલિયાની નિમણૂક કરી છે.
- શ્રી શ્રીનિવાસ પલિયા વિપ્રોમાં ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવે છે.
- તેની પાસે કંપનીની વિવિધ ભૌગોલિક જગ્યાઓ, કાર્યો, સેવા રેખાઓ અને વ્યવસાય એકમોની વ્યાપક સમજ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WIPRO

**WIPROનું પૂરું નામ 'Western India Palm Refined Oils Limited' છે.**




- **તે ભારતીય બહુરાષ્ટ્રીય કોર્પોરેશન છે, જે માહિતી ટેક્નોલોજી, સલાહકાર અને વ્યવસાય પ્રક્રિયા સેવાઓ પ્રદાન કરે છે.**
- **તે અગ્રણી બિગટેક કંપનીઓમાંની એક છે.**
- **એમ.એચ. હાશમ પ્રેમજી દ્વારા 29 ડિસેમ્બર, 1945ના રોજ અમલનેર ખાતે સ્થાપના કરી હતી.**
- **1966માં એમ.એચ.પ્રેમજીના મૃત્યુ બાદ તેમના પુત્ર અઝીમ પ્રેમજીએ 21 વર્ષની ઉંમરે વિપ્રોના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ હાલમાં વિપ્રોના માલિક છે.**
- **વિપ્રોનું હેડક્વાર્ટર બેંગ્લુરુ ખાતે આવેલું છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

**1.** ભારતમાં દર વર્ષે કયા દિવસે 'CRPF શૌર્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ **(B)**

**2.** તાજેતરમાં પીટર પેલેગ્રિની કયા દેશના નવા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) નોર્વે (B) સ્લોવાકિયા (C) ડેનમાર્ક (D) રોમાનિયા **(B)**

**3.** તાજેતરમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે તેમની ત્રીજી મુદત માટે કોણે શપથ લીધા હતા ?

(A) અબ્દેલ ફતાહ અલ–સીસી (B) મોહમ્મદ મોરસી

(C) હોરની મુબારક (D) અનવર સદાત **(A)**


**4.** તાજેતરમાં WIPROના નવા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અવિનાશ વાસ્તવ (B) શ્રી એમ.વી. અય્યર

(C) શ્રી શશીકાંત પાંડે (D) શ્રી શ્રીનિવાસ પલિયા **(D)**

## દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- જર્મનીના ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમને 1796માં હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી.
- આથી તેમની યાદમાં તેમનો જન્મદિન 10 એપ્રિલ 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમનનો જન્મ 10 એપ્રિલ, 1755ના રોજ જર્મનીમાં થયો હતો.

## ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવરપ્લાન્ટ

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ (NPP) પર ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.



- રશિયાએ યુક્રેન પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો.
- દક્ષિણ પૂર્વીય યુક્રેનમાં ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર સ્ટેશન એ યુરોપનું સૌથી મોટું અને વિશ્વના 10 સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ પૈકીનું એક છે.
- તે 2022થી રશિયન નિયંત્રણ હેઠળ છે.
- તે ડિનીપર નદીના કિનારે સ્થિત છે.
- તે એનર્ગોએટોમ યુક્રેનની સરકારી માલિકીની ન્યુક્લિયર પાવર જનરેશન કંપનીની માલિકી અને સંચાલિત છે.
- આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA), વૈશ્વિક પરમાણુ વોચડોગ, પ્લાન્ટને તકનીકી સહાય પૂરી પાડે છે, અને આંતરરાષ્ટ્રીય સલામતી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ કરે છે.
- આ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ વર્ષ 1984થી કાર્યરત છે.

## IAEA

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ એક આંતર–સરકારી સંસ્થા છે જે પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પરમાણુ શસ્ત્રો સહિત કોઈપણ લશ્કરી હેતુ માટે તેનો ઉપયોગ અટકાવવા માગે છે.


- તેની સ્થાપના વર્ષ 1957માં યુનાઈટેડ નેશન્સ હેઠળ વિશ્વની 'શાંતિ માટેના પરમાણુ' (Atoms for Peace) સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
- તે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ બંનેને રિપોર્ટ કરે છે.
- તેનું મુખ્ય મથક ઓસ્ટ્રિયાના વિયેનામાં યુનાઈટેડ નેશન્સ ઓફિસમાં છે.
- વર્ષ 2005માં તેને તેના કાર્ય અને સુરક્ષિત અને શાંતિપૂર્ણ વિશ્વની સ્થાપના માટે કરેલા પ્રયત્નો માટે નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## ન્યુક્લિયર પાવર પ્લાન્ટ શું છે ?

ન્યુક્લિયર પાવર પ્લાન્ટ એ પાવર પ્લાન્ટનો એક પ્રકાર છે જે વીજળી ઉત્પન્ન કરવા માટે પરમાણુ વિભાજનની પ્રક્રિયાનો ઉપયોગ કરે છે.

- પરમાણુ વિભાજનમાં અણુઓ નાના અણુઓમાં વિભાજિત થાય છે અને ઊર્જા મુક્ત કરે છે.
- વિભાજન ન્યુક્લિયર પાવર પ્લાન્ટના રિએક્ટરની અંદર થાય છે.
- રિએક્ટરના કેન્દ્રમાં યુરેનિયમ ઈંધણ હોય છે.
- રિએક્ટર કોરમાં પરમાણુ વિભાજન દરમિયાન ઉત્પન્ન થતી ગરમીનો ઉપયોગ પાણીનો વરાળમાં રૂપાંતરિત કરવા માટે થાય છે, જે સ્ટીમ ટર્બાઈનના બ્લેડને ફેરવે છે.
- જેમ જેમ ટર્બાઈન બ્લેડને ફેરવે છે તેમ તેમ તેઓ જનરેટરને ફેરવે છે, જે વીજળી ઉત્પન્ન કરે છે.
- ન્યુક્લિયર પ્લાન્ટ વરાળને ઠંડુ કરે છે અને પાવર પ્લાન્ટમાં પાણીને અલગ સ્ટ્રક્ચરમાં રૂપાંતરિત કરે છે.
- જેને કુલિંગ ટાવર કહેવામાં આવે છે, અથવા તેઓ તળાવ, નદીઓ અથવા સમુદ્રના પાણીનો ઉપયોગ કરે છે.
- ત્યારબાદ ઠંડુ પાણી વરાળ ઉત્પન્ન કરવા માટે ફરીથી ઉપયોગમાં લેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ભારતમાં પરમાણુ કેન્દ્ર

ભારતમાં પ્રથમ પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના ઈ.સ. 1969માં મહારાષ્ટ્રના ‘તારાપુરમાં’ કરવામાં આવી હતી.

- કેનેડાની સહાયતાથી રાજસ્થાનના ‘રાવતભાટામાં’ પરમાણુ ઊર્જા કેન્દ્રની 1980માં શરૂઆત થઈ હતી.
- ઈ.સ. 1984માં તમિલનાડુના ચેન્નઈ નજીક ‘કલ્પક્કમ’માં પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના થઈ હતી.
- ઉત્તરપ્રદેશના બુલંદ શહેરની નજીક આવેલ નરોરા પરમાણુ ઊર્જા મથક ઈ.સ. 1991થી કાર્યરત છે.
- ગુજરાતમાં આવેલ કાકરાપાર પરમાણુ ઊર્જા મથક વર્ષ 1993થી કાર્યરત છે.
- ‘કૈગા’ પરમાણુ ઊર્જા મથક કર્ણાટકમાં આવેલ છે જેની શરૂઆત ઈ.સ. 2000માં થઈ હતી.
- ‘કુડાનકુલમ’ પરમાણુ ઊર્જા મથક તમિલનાડુમાં આવેલ છે જે 2000 મેગાવોટ વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે.
- ઈ.સ. 1948માં ડો. હોમીજહાંગીર ભાભાના નિર્દેશન હેઠળ ‘પરમાણુ ઊર્જા આયોગ’ની સ્થાપના થઈ હતી.
- ઈ.સ. 1954માં ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)માં ‘પરમાણુ ઊર્જા સંસ્થાન’ની સ્થાપના કરવામાં આવી તેમજ પરમાણુ ઊર્જા વિભાગની પણ સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ. 1967માં ‘પરમાણુ ઊર્જા સંસ્થાન’નું નામ બદલી ‘ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર’ (BARC) રાખવામાં આવ્યું. જેણે ભારતનું પ્રથમ ન્યુકલીયર રીએકટર ‘અપ્સરા’ બનાવ્યું.

| પરમાણુ ખનીજ અને તેના પ્રાપ્તિ સ્થાન | |
|---|---|
| ગ્રેફાઈટ | ઓડિસા |
| ઝિરકન | કેરળ |
| એન્ટીમની | હિમાચલ પ્રદેશ |
| બેરિલિયમ | રાજસ્થાન |

## ભારત | ભારતના પરમાણુ કેન્દ્રો




**નોંધ :** (1) યુરેનિયમને 'મેટલ ઓફ હોપ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

(2) ભારતમાં યુરેનિયમની પ્રાપ્તિ ધારવાડ તથા આર્કેયન શ્રેણીના ખડકોમાંથી થાય છે.

(3) ઝારખંડમાં સિંહભૂમ જિલ્લો યુરેનિયમના ખનન હેતુ સૌથી વધુ મહત્વપૂર્ણ છે તેમજ રાજસ્થાન અને આંધ્રપ્રદેશ પણ પ્રમુખ ક્ષેત્ર છે.

## સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદન ટેક્નોલોજી



તાજેતરમાં ટાટા ગ્રુપે 2026માં 28nm (નેનોમીટર) ચિપ્સ લોન્ચ કરવાની યોજના સાથે ગુજરાતમાં 300mm વેફર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા માટે તાઈવાનની PSMC સાથે સહયોગ કર્યો છે.

- નોંધનીય છે કે ભારત સરકારે તાજેતરમાં ગુજરાત અને આસામમાં બે એસેમ્બલી અને ટેસ્ટીંગ પ્લાન્ટને પણ મંજૂરી આપી છે.

### સેમિકન્ડક્ટર ચિપ્સ

સેમિકન્ડક્ટર એવી સામગ્રી છે જે કંડક્ટર અને ઈન્સ્યુલેટ વચ્ચે વાહકતા ધરાવે છે.

- તે શુદ્ધ ધાતુ, સિલિકોન, જર્મેનિયમ અથવા કોઈપણ સંયોજન, ગેલિયમ, આર્સેનાઈડ અથવા કેડિયમ સેલેનાઈડ હોઈ શકે છે.
- સેમિકન્ડક્ટર ચિપનો મૂળભૂત ઘટક સિલિકોનનો એક ટૂકડો હોય છે, જે અબજો માઈક્રોસ્કોપિક ટ્રાન્ઝિસ્ટરથી કોતરાયેલો છે. અને ચોક્કસ ખનિજો તથા વાયુઓથી પ્રક્ષેપિત છે, જે વિવિધ કોમ્પ્યૂટર સૂચનાઓનું પાલન કરીને વિદ્યુત ધારાના પ્રવાહને નિયંત્રિત કરવા માટે મોડેલો બનાવે છે.
- આજે ઉપલબ્ધ સૌથી અધતન સેમિકન્ડક્ટર ટેકનોલોજી નોડ્સ 3nm અને 5nm (નેનોમીટર) છે.
- ઉચ્ચ નેનોમીટર મૂલ્યો ધરાવતા સેમિકન્ડક્ટરનો ઉપયોગ ઓટોમોબાઈલ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વગેરેમાં થાય છે.
- જ્યારે સ્માર્ટફોન અને લેપટોપ જેવા ઉપકરણોમાં નીચા મૂલ્યોવાળા સેમિકન્ડક્ટરનો ઉપયોગ થાય છે.
- ચીપ બનાવવાની પ્રક્રિયા જટિલ અને ખૂબ જ સચોટ છે, જેમાં સપ્લાય ચેઈનમાં અન્ય ઘણા પગલાંઓ છે જેમ કે કંપનીઓ દ્વારા ઉપકરણોમાં ઉપયોગ માટે નવી સર્કિટ વિકસાવવા માટે ચિપ ડિઝાઈનિંગ, ચિપ્સ માટે સોફ્ટવેર ડિઝાઈનિંગ અને સેન્ટ્રલ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IPR)ના માધ્યમથી તેને પેમેન્ટ કરવી.
- સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)માં કનેક્ટેડ ઉપકરણો સુધી લગભગ દરેક આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણના થંબનેલ–કદના બિલ્ડીંગ બ્લોક્સ છે.
- તે ઉપકરણોને કોમ્પ્યુટેશનલ પાવર આપવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વૈશ્વિક પરિદ્રશ્ય

ચિપ–નિર્માણ ઉદ્યોગ ખૂબ જ કેન્દ્રિત છે, જેમાં મુખ્ય ઉત્પાદકો તાઈવાન, દક્ષિણ કોરિયા અને યુએસ છે.

- હકિકતમાં 5nm ચિપ્સમાંથી 90% તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC) દ્વારા તાઈવાનમાં મોટા પ્રમાણમાં ઉત્પાદિત થાય છે.
- તેથી વૈશ્વિક ચિપની અછત, તાઈવાન પર યુએસ–ચીન તણાવ અને રશિયા–યુક્રેન સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન વિક્ષેપોએ મુખ્ય અર્થતંત્રોને ચિપ નિર્માણમાં ફરીથી પ્રવેશવા માટે પ્રેરિત કર્યા છે.
- વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગનું મૂલ્ય હાલમાં 500-600 બિલિયન અમેરિકન ડોલર છે અને હાલમાં 3 ટ્રિલિયન અમેરિકન ડોલર મૂલ્યના વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને પૂરી પાડે છે.

## ટ્રાન્ઝિસ્ટર

ટ્રાન્ઝિસ્ટર એ સેમિકન્ડક્ટર ઉપકરણોના મૂળભૂત ઘટકો છે જે ઈલેક્ટ્રોનિક સિગ્નલો અને વિદ્યુત શક્તિને વિસ્તૃત અથવા સ્વિચ કરે છે.

- આ આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણોના બિલ્ડીંગ બ્લોક્સ છે, જેનો ઉપયોગ એમ્પ્લીફાયર, સ્વિચ અને ડિજિટલ સર્કિટ સહિતની વિવિધ એપ્લિકેશનોમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફેબ્રિકેશન ટેક્નોલોજી

ફેબ્રિકેશન ટેક્નોલોજી સેમિકન્ડક્ટર ઉપકરણો જેમ કે ચિપ્સ અને ટ્રાન્ઝિસ્ટર બનાવવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે.

- તેમાં વેફરની તૈયારી (Wafer Preparation), ફોટોલિથોગ્રાફી, કોતરણી, ડોપિંગ અને પેકેજિંગ સહિત અનેક નિર્ણાયક પગલાનો સમાવેશ થાય છે.

## વેફર

વેફર (જેને સ્લાઈસ અથવા સબસ્ટ્રેટ પણ કહેવાય છે) એ સેમિકન્ડક્ટર સામગ્રીનો પાતળો ભાગ છે, જેમ કે સ્ફટિકીય સિલિકોન, સંકલિત સર્કિટ બનાવવા માટે વપરાય છે.

- ગોળાકાર સેમિકન્ડક્ટર વેફર પર ચિપ્સની શ્રેણી છાપીને સેમિકન્ડક્ટર ચિપ બનાવવામાં આવે છે, જેમ કે પોસ્ટેજ સ્ટેમ્પ શીટ પર છાપવામાં આવે છે અને પછી એક પછી એક કાપવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ (C)

2. હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?

(A) સેમ્યુઅલ હાનેમન (B) જ્યોર્જ બર્નાર્ડ (C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર (A)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવરપ્લાન્ટ' સંદર્ભે નીચેના વિધાનો ધ્યાને લો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે યુરોપમાં સૌથી મોટો ન્યુક્લિયર પાવરપ્લાન્ટ છે.
2. તે ડિનીપર નદીના કિનારે સ્થિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

4. IAEA વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી છે'
2. તેની સ્થાપના વર્ષ 1957માં યુનાઈટેડ નેશન્સ હેઠળ Atoms for Peace સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

5. તાજેતરમાં ટાટા ગ્રુપે 2026માં 28nm (નેનોમીટર) ચિપ્સ લોન્ચ કરવાની યોજના સાથે ગુજરાતમાં 300mm વેફર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા માટે ______ દેશની PSMC સાથે સહયોગ કર્યો છે.

(A) તાઈવાન (B) ચીન (C) જાપાન (D) દ.કોરિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 11 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ
## (2) વિશ્વ પાર્કિન્સન્સ દિવસ (World Parkinson's Day)

### રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ




ભારતમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.
- ભારતમાં પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં કસ્તૂરબાની યાદમાં તેમનો જન્મદિન 11 એપ્રિલ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

**નોંધ :** કસ્તૂરબાનો જન્મ 11 એપ્રિલ, 1869ના રોજ ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### વિશ્વ પાર્કિન્સન્સ દિવસ



પાર્કિન્સન્સ નામની બિમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પાર્કિન્સન્સ એ શરીરના સંતુલન સંબંધિત ગંભીર બિમારી છે.
- જોકે, આ બિમારીના કારણો વિશે હજી સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- ડૉ. જેમ્સ પાર્કિન્સન નામના વ્યક્તિએ સૌપ્રથમ 1817માં આ બિમારીના લક્ષણોની શોધ કરી હતી.
- આથી, તેની યાદમાં ડૉ. જેમ્સ પાર્કિન્સનનો જન્મદિન 11 એપ્રિલ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડૉ. જેમ્સ પાર્કિન્સનનો જન્મ 11 એપ્રિલ, 1755ના રોજ બ્રિટનમાં લંડનના શોરેડિચ ખાતે થયો હતો.

## સાઈમન હેરિસ આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન બન્યા



આયર્લેન્ડમાં લિયો વરાડકરના રાજીનામા બાદ સત્તારૂઢ ફાઈન ગેલ પાર્ટીએ શ્રી સાઈમન હેરિસને વડાપ્રધાન બનાવ્યા છે.

- આ સાથે 37 વર્ષીય સાઈમન હેરિસ આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન બન્યા છે.
- તેમની પહેલા ભારતીય મૂળના લિયો વરાડકર આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન હતા.
- તેમણે અગાઉ આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- તેઓ નાની ઉંમરે જ ફાઈન ગેલ પાર્ટીમાં જોડાઈ અને તેની યુવા પાંખમાં સામેલ થયા હતા.

## વૈશ્વિક હેપેટાઈટિસ રિપોર્ટ 2024 (Global Hepatitis Report 2024)

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા તાજેતરમાં 'વૈશ્વિક હેપેટાઈટિસ રિપોર્ટ 2024' (Global Hepatitis Report 2024) બહાર પાડવામાં આવ્યો હતો.

- વર્ષ 2024ના આ રિપોર્ટ અનુસાર વાઈરલ હેપેટાઈટીસ ખાસ કરીને હેપેટાઈટીસ બી અને સી ચેપનો સૌથી વધુ સામનો કરી શકે તેવા દેશોમાંના એક તરીકે ભારતને જાહેર કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### ભારતમાં હેપેટાઈટિસની સ્થિતિ

વાઈરલ હેપેટાઈટિસની સૌથી વધુ ઘટનાઓ ધરાવતા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે.

- ભારતમાં અંદાજે 2.9 કરોડ લોકો 'હેપેટાઈટિસ બી'થી સંક્રમિત છે અને 0.55 કરોડ લોકો 'હેપેટાઈટિસ સી'થી સંક્રમિત છે.
- ભારતમાં વર્ષ 2022માં 50,000થી વધુ નવા હેપેટાઈટિસ B કેસ અને 1.4 લાખ નવા હેપેટાઈટિસ C કેસ સામે આવ્યા હતા.
- આ વાયરલ હેપેટાઈટિસ ચેપને કારણે ભારતમાં વર્ષ 2022માં 1.23 લાખ લોકોના મોત થયા હતા.
- હેપેટાઈટિસ B અને C બંને ચેપ જુદા જુદા માધ્યમો દ્વારા ફેલાય છે.
- તેમાં માતા–થી બાળક સંક્રમણ, અસુરક્ષિત રક્ત તબદિલી, ચેપગ્રસ્ત રક્ત સાથે સંપર્ક અને ડ્રગ વપરાશકર્તાઓ વચ્ચે સોય લેવડદેવડનો સમાવેશ થાય છે.
- રક્ત સુરક્ષા પ્રોટોકોલમાં પ્રગતિ હોવા છતા માતાથી બાળકમાં હેપેટાઈટિસ Bનું સંક્રમણ ભારતમાં ચેપનું પ્રાથમિક માધ્યમ છે.
- ભારતમાં માત્ર 2.4% હિપેટાઈટીસ બી અને 28% હિપેટાઈટિસ સીના કેસોનું નિદાન થાય છે.

## વૈશ્વિક પરિદૃશ્ય

2022માં વાઈરલ હેપેટાઈટિસને કારણે વૈશ્વિક સ્તરે અંદાજે 1.3 મિલિયન મૃત્યુ થયાની ધારણા છે, જે ટ્યૂબરક્યુલોસિસ જેટલી જ છે.

- આ મૃત્યુમાંથી 83% હેપેટાઈટીસ Bના કારણે થયા હતા, જ્યારે 17% હેપેટાઈટીસ Cના કારણે થયા હતા.
- મૃત્યુદરમાં વધારો લીવર કેન્સર અને હેપેટાઈટિસને કારણે થતા મૃત્યુમાં વધારો દર્શાવે છે.
- નવા વાયરલ હેપેટાઈટિસ ચેપની સંખ્યા 2019માં 2.5 મિલિયનથી ઘટીને 2022માં 2.2 મિલિયન થવાની ધારણા છે.
- વૈશ્વિક સ્તરે અંદાજિત કુલ 304 મિલિયન લોકો વર્ષ 2022માં હેપેટાઈટિસ B અને C થી પીડિત છે.
- WHOનો અંદાજ દર્શાવે છે કે વર્ષ 2022માં 254 મિલિયન લોકો હેપેટાઈટિસ B અને 50 મિલિયન લોકો હેપેટાઈટિસ Cથી પીડિત હતા.
- જેમાં કુલ 12% હેપેટાઈટિસ Bથી પીડિત બાળકો હતા.

**નોંધ :** (1) હેપેટાઈટિસ ચેપી વાયરસ અને બિન–ચેપી એજન્ટો દ્વારા થાય છે, જે વિવિધ પ્રકારની આરોગ્ય સમસ્યાઓનું કારણ બને છે. જેમાંથી કેટલીક જીવલેણ હોઈ શકે છે.

(2) હેપેટાઈટિસ વાયરસના મુખ્ય પાંચ પ્રકાર છે : A, B, C, D અને E તેમાંના દરેકમાં અલગ–અલગ ટ્રાન્સમિશન, ગંભીરતા ભૌગોલિક વિતરણ અને નિવારણની પદ્ધતિઓ છે.





# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ’ તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ — (B)

2. ભારતમાં કોનો જન્મદિન ‘રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ’ તરીકે ઉજવાય છે ?

(A) કસ્તુરબા (B) સુશ્રી સરોજિની નાયડુ

(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં — (A)

3. ‘વિશ્વ પાર્કિન્સન્સ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ — (B)

4. સાઈમન હેરિસ તાજેતરમાં કયા દેશના વડાપ્રધાન બન્યા છે ?

(A) આયર્લેન્ડ (B) ન્યુઝિલેન્ડ (C) સ્વીત્ઝર્લેન્ડ (D) નામીબિયા — (A)

5. તાજેતરમાં WHO દ્વારા 'Global Hepatitis Report 2024' બહાર પાડવામાં આવ્યો હતો, તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર વાઈરલ હેપેટાઈટિસની સૌથી વધુ ઘટનાઓ ધરાવતા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે.
2. આ રિપોર્ટ અનુસાર ભારતમાં અંદાજે 2.9 કરોડ લોકો ‘હેપેટાઈટિસ બી’થી સંક્રમિત છે અને 0.55 કરોડ લોકો ‘હેપેટાઈટિસ સી’થી સંક્રમિત છે.
3. સૌથી વધુ હેપેટાઈટિસ બી થી સંક્રમિત ધરાવતા દેશોમાં અનુક્રમે આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે, દ.કોરિયા અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International of Human Space Flight)


સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 એપ્રિલના રોજ 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.



- નોંધનીય છે કે એપ્રિલ 2011માં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ 12 એપ્રિલના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- 12 એપ્રિલ, 1961 એ સોવિયત નાગરીક યુરી ગાગરીન દ્વારા કરવામાં આવેલી પ્રથમ માનવ અવકાશ ઉડાનની તારીખ હતી.
- આથી, આ ઐતિહાસિક દિવસની યાદમાં દર વર્ષે 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## જસ્ટિસ અનિરુદ્ધ બોઝ નેશનલ જ્યુડિશિયલ એકેડેમીના વડા તરીકે નિયુક્ત


ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ અને અન્ય કાનૂની વિદ્વાનો દ્વારા જસ્ટિસ શ્રી અનિરુદ્ધ બોઝની ભોપાલમાં નેશનલ જ્યુડિશિયલ એકેડેમીના વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- તેઓ તાજેતરમાં તેમના પાંચ વર્ષના કાર્યકાળ પછી સુપ્રીમ કોર્ટમાંથી નિવૃત્ત થયા હતા.
- નેશનલ જ્યુડિશિયલ એકેડેમી (NJA) એ ભોપાલમાં સ્થિત એક સંસ્થા છે.
- તેની સ્થાપના 1993માં ભારતની સર્વોચ્ચ અદાલતના નેજા હેઠળ કરવામાં આવી હતી.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશભરની ટ્રાયલ કોર્ટ અને બંધારણીય અદાલતો બંનેના ન્યાયાધીશોને તાલીમ અને શિક્ષણ આપવાનો છે.

## ગોડ પાર્ટિકલની શોધ માટે જાણીતા પીટર હિગ્સનું નિધન

હિગ્સ બોસન પાર્ટિકલ અથવા ગોડ પાર્ટિકલની શોધ માટે પ્રખ્યાત બ્રિટિશ ભૌતિકશાસ્ત્રી શ્રી પીટર હિગ્સનું 94 વર્ષની વયે નિધન થયું છે.



- 2013માં ભૌતિકશાસ્ત્રમાં તેમને નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.
- તેમના કાર્યએ બ્રહ્માંડની બિગ બેંગ પછીની રચનાને સ્પષ્ટ કરી હતી.

- એડિનબર્ગ યુનિવર્સિટીમાં લાંબા સમયથી પ્રોફેસર રહેલા હિગ્સે સાર્વત્રિક સંકલનમાં બોસોનની ભૂમિકાને સમજવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.
- હિગ્સ બોસોન એક સબએટોમિક કણ છે જે અન્ય કણોને સમૂહ આપે છે. હિગ્સ બોસોન સાથે કણની ક્રિયાપ્રતિક્રિયાની શક્તિ તેના સમૂહને નિર્ધારિત કરે છે.
- હિગ્સ બોસોનને ઘણીવાર 'ગોડ પાર્ટિકલ' તરીકે ઓળખવામાં આવે છે. તે બ્રહ્માંડમાં સમૂહની ઉત્પતિ વિશેની આપણી સમજણમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

**નોંધ :** તેમને ફ્રાન્કોઈસ એન્ગલર્ટ સાથે સંયુક્ત રીતે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ' અથવા તો 'International Day of Human Space Flight' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં નીચેના પૈકી કોને નેશનલ જ્યુડિશિયલ એકેડેમીના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) જસ્ટિસ મનિન્દ્ર મોહન (B) જસ્ટિસ અનિરુદ્ધ બોઝ
(C) જસ્ટિસ અરવિંદ શુકલા (D) જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય **(B)**

3. નેશનલ જ્યુડિશિયલ એકેડેમી (NJA) કયા સ્થળે આવેલી છે ?

(A) ગાંધીનગર (B) હૈદરાબાદ (C) દેહરાદુન (D) ભોપાલ **(D)**

4. તાજેતરમાં પીટર હિગ્સનું નિધન થયું હતું, તેમને કયા સંશોધન માટે નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો ?

(A) ક્વોન્ટમ મિકેનિક્સ (B) રેડિયો એક્ટિવિટીની શોધ
(C) પોલોનિયમ તત્વની શોધ (D) ગોર્ડ પાર્ટિકલની શોધ **(D)**

## જલિયાવાલા બાગ હત્યાકાંડની 104મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 2024ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડની 105મી વર્ષગાંઠ હતી.

### જલિયાવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં 10 એપ્રિલ, 1919ના રોજ પંજાબના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને શ્રી સૈફુદીન કિચલુની પણ ધરપકડ કરી હતી.
- આથી, પોતાના પ્રિય નેતાના ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસરની સ્થિતિ બેકાબૂ થતા ત્યાં 144ની કલમ તથા માર્શલ લો લાગુ પાડવામાં આવ્યો હતો.
- અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતા તે લશ્કરી ટૂકડી સાથે જલિયાવાલા પહોંચી ગયો હતો અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000 થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જો કે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે શ્રી મદનમોહન માલવીયાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટહૂડ' તથા શ્રી જમનાદાસ બજાજે 'રાયબહાદુર'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.

## રોલેટ એક્ટ વિશે

પ્રથમ વિશ્વયુદ્ધ 1918માં પૂરું થયું હતું. ત્યારબાદ છ મહિને 'હિન્દ સંરક્ષણ ધારા'ની મુદ્દત પુરી થતી હોવાથી ક્રાંતિકારી પ્રવૃત્તિને અટકાવવા માટે 'Anarchment and Revolutionary act' નામનો કાયદો ન્યાયાધીશ સીડની રોલેટ, દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ટૂંકમાં 'રોલેટ એક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

- રોલેટ એક્ટની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

(1) કોઈપણ વ્યક્તિને શંકાને આધારે ધરપકડ કરી શકાતી હતી.

(2) ખાસ અદાલતોમાં કેસ ચલાવીને ન્યાયિક કાર્યવાહી વગર સજા કરી શકાતી નથી.

## જલિયાવાલા બાગ સ્મારક


ભારતની સંસદ દ્વારા 'જલિયાવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951 પસાર કરીને જલિયાવાલા બાગને 'રાષ્ટ્રીય સ્મારક' જાહેર કરવામાં આવ્યું હતું.

- 'જલિયાવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

નોંધ : (1) ગાંધીજીએ રોલેટ એક્ટના કાયદાને 'કાળો કાયદો' કહ્યો હતો.

(2) શ્રી મોતીલાલ નેહરૂએ 'નો વકીલ, નો દલીલ, નો અપીલ' સાથે રોલેટ એક્ટના કાયદાને સરખાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દોસ્તી-16 ત્રિપક્ષીય કવાયત : ભારત-માલદીવ-શ્રીલંકા



દ્વિવાર્ષિક કોસ્ટ ગાર્ડ કવાયત દોસ્તી-16માં ભાગ લેવા માટે ભારત અને શ્રીલંકાના કોસ્ટ ગાર્ડ જહાજો માલદીવ પહોંચ્યા હતા.

- કવાયત દોસ્તી ભારત, શ્રીલંકા અને માલદીવ વચ્ચેની ત્રિપક્ષીય કોસ્ટ ગાર્ડ કવાયત છે.
- આ કવાયત છેલ્લે વર્ષ 2021માં હાથ ધરવામાં આવી હતી.
- ત્રણેય દેશો વચ્ચે સહિયારી દરિયાઈ સુરક્ષા ચિંતાઓને દૂર કરવા માટે સહયોગ અને આંતરસંચાલન ક્ષમતા દર્શાવવામાં આવી હતી.
- આ કવાયતનો હેતુ સહયોગ વધારવા, મિત્રતાને મજબૂત કરવા, પરસ્પર ઓપરેશનલ ક્ષમતામાં સુધારો કરવા અને સહભાગી રાષ્ટ્રોના કર્મચારીઓ વચ્ચે આંતરસંચાલન ક્ષમતા વિકસાવવાનો હતો.
- આ કવાયત સૌપ્રથમ વર્ષ 1991માં ભારત અને માલદીવ કોસ્ટ ગાર્ડ વચ્ચે શરૂ કરવામાં આવી હતી.
- ત્યારબાદ શ્રીલંકા વર્ષ 2012માં પ્રથમ વખત આ કવાયતમાં જોડાયું હતું.

## ભારતનો પ્રથમ સૈન્ય - ગ્રેડ જિયોસ્પેશિયલ સેટેલાઈટ TSAT - 1A ખાનગી ક્ષેત્ર દ્વારા લોન્ચ

ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ (TASL)એ તાજેતરમાં સ્પેસએક્સના ફાલ્કન 9 રોકેટ દ્વારા તેના સબ–મીટર રિઝોલ્યુશન ઓપ્ટિકલ સેટેલાઈટ, TSAT-1Aને અવકાશમાં સફળતાપૂર્વક લોન્ચ કર્યો હતો.

### TSAT-1A વિશે



તે ઓપ્ટિકલ સબ મીટર રિઝોલ્યુશન પૃથ્વી અવલોકન ઉપગ્રહ છે.

- તે 2023ના અંતમાં બંને કંપનીઓ વચ્ચેના સહયોગ કરારને પગલે લેટિન અમેરિકન કંપની સેટેલોજિક ઈન્કના સહયોગથી Tata Advanced Systems Limited (TASL) દ્વારા બનાવવામાં આવ્યો હતો.
- TSAT-1Aને TASLના એસેમ્બલી, ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ (AIT) પ્લાન્ટમાં તેની વેમાગલ સુવિધામાં એસેમ્બલ કરવામાં આવ્યું હતું.
- તેને સ્પેસએક્સના ફાલ્કન 9 રોકેટ દ્વારા યુએસમાં કેનેડી સ્પેસ સેન્ટર, ફ્લોરિડાથી લોન્ચ કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- TSAT-1Aની મુખ્યશક્તિમાં સબ–મીટર રિઝોલ્યુશન સાથે પૃથ્વીની સપાટીની લશ્કરી ગ્રેડની ઈમેજીસ મેળવવાની ક્ષમતા રહેલી છે.
- તે મલ્ટિસ્પેક્ટ્રલ અને હાઈપરસ્પેક્ટ્રલ ઈમેજિંગ બંને ક્ષમતાઓથી સજ્જ છે.
- આ ટેક્નોલોજી TSAT-1Aને ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમની અંદર તરંગલંબાઈની વિશાળ શ્રેણીમાં ડેટા એકત્રિત કરવાની મંજૂરી આપે છે, જે જમીન, પાણી અને વિવિધ કુદરતી સંસાધનોની ઊંડી અને વધુ સૂક્ષ્મ સમજ પૂરી પાડે છે.
- આ ઉપગ્રહનો ઉપયોગ ભારતીય સંરક્ષણ દળો દ્વારા વિવેકપૂર્ણ માહિતી એકત્ર કરવામાં આવશે, અને આ માહિતી મિત્ર રાષ્ટ્રો સાથે શેર કરવામાં આવશે.
- તે સંરક્ષણ દળોને તેમની સજ્જતા, પ્રતિભાવ ક્ષમતાઓ અને વ્યૂહાત્મક નિર્ણય લેવામાં સક્ષમ બનાવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. વર્ષ 2024માં જલિયાવાલા બાગ હત્યાકાંડની કેટલામી વર્ષગાંઠ હતી ?

(A) 102 (B) 103 (C) 104 (D) 105 — (D)

2. કયા કાયદાના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી ?

(A) રોલેટ એક્ટ (B) મોર્લે–મિન્ટો સુધારા

(C) રેગ્યુલેટિંગ એક્ટ, 1873 (D) રેગ્યુલેટિંગ એક્ટ, 1919 — (A)

3. 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?

(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918

(C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 — (D)

4. 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?

(A) શ્રી લાલાલજપતરાય અને સૈફુદ્દીન કિચલુ (B) શ્રી લાલાલજપતરાય અને ડૉ. સત્યપાલ

(C) શ્રી સૈફુદ્દીન કિચલુ અને ડૉ. સત્યપાલ (D) શ્રી સૈફુદ્દીન કિચલુ અને શ્રી ભગતસિંહ — (C)

5. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન (C) વાયલી કમિશન (D) હંટર કમિશન — (D)

6. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?

(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી મદન મોહન માલવીયા

(C) શ્રી સૈફુદ્દીન કિચલુ (D) શ્રી જમનાલાલ બજાજ — (B)

7. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશો વચ્ચે દોસ્તી-16 નામની કોસ્ટગાર્ડ ત્રિપક્ષીય કવાયત યોજાઈ હતી ?

(A) ભારત–માલદીવ–શ્રીલંકા (B) ભારત–શ્રીલંકા–બાંગ્લાદેશ

(C) ભારત–જાપાન–ઓસ્ટ્રેલિયા (D) ભારત–અમેરિકા–ઓસ્ટ્રેલિયા — (A)

8. તાજેતરમાં સમાચારમાં રહેલ TSAT-1A કેવા પ્રકારનો ઉપગ્રહ છે ?

(A) પૃથ્વી અવલોકન ઉપગ્રહ (B) આબોહવા નિરીક્ષણ ઉપગ્રહ

(C) સંચાર ઉપગ્રહ (D) નેવિગેશન ઉપગ્રહ — (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ભારત

➤ **ભારત ડિજિટલી ડિલિવરી સેવાઓના ચોથા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું : WTO રિપોર્ટ**

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા જાહેર કરાયેલ વૈશ્વિક વેપાર દષ્ટિકોણ અને આંકડા પરના અહેવાલ મુજબ ભારત હવે ડિજિટલી ડિલિવરી સેવાઓનો સૌથી મોટો નિકાસકાર બની ગયો છે. 2023માં ભારતની ડિજિટલી ડિલિવરી સેવાઓની નિકાસ 257 બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષ કરતા 17% વધુ છે. આ વૃદ્ધિથી ભારતને રેન્કિંગમાં જર્મનીને પાછળ છોડવામાં મદદ મળી છે, પરંતુ તે હજુ પણ યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગ્ડમ અને આયર્લેન્ડથી પાછળ છે. શિક્ષણ, ગેમિંગ અને સ્ટ્રીમિંગ મ્યુઝિક તથા વીડિયોમાં વ્યવસાયિક સેવાઓ સહિત ડિજિટલી ડિલિવરી સેવાઓમાં છેલ્લા બે દાયકામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. રિપોર્ટમાં ટેક્સ્ટ્ ઈમેજ, મ્યુઝિક અને વીડિયો જેવી સામગ્રી બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ (AI)ના ઉપયોગમાં ઝડપી વધારાને પણ હાઈલાઈટ કરવામાં આવ્યો છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે દેશો વચ્ચે વૈશ્વિક વેપારનું નિયમન અને સુવિધા આપે છે.

➤ **પ્રોજેક્ટ આકાશતીર**



ભારતીય સેનાએ પ્રોજેક્ટ આકાશતીર હેઠળ નિયંત્રણ અને રિપોર્ટિંગ સિસ્ટમના અમલીકરણની શરૂઆત કરી છે, જે તેની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધારવાના હેતુથી વ્યૂહાત્મક કદમ છે. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) દ્વારા વિકસાવવામાં આવેલ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ આર્મીની એર ડિફેન્સ સિસ્ટમની ઓપરેશનલ કાર્યક્ષમતા અને એકીકરણને વધારવાનો છે. BEL એ સંરક્ષણ મંત્રાલય હેઠળનું એક નવરત્ન જાહેર ક્ષેત્રનું એકમ છે.

**➢ ભારતને Igla-S મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS)ની પ્રથમ બેચ પ્રાપ્ત થઈ**



ભારતીય સેનાને એક મોટા સોદા હેઠળ 24 રશિયન નિર્મિત Igla-S મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS) અને 100 મિસાઈલોની પ્રથમ બેચ મળી છે જેમાં ભારતમાં સ્થાનિક ઉત્પાદનો પણ સામેલ છે. આ પ્રાપ્તિનો ઉદ્દેશ આર્મીની વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ (VSHORAD) ક્ષમતાઓને વધારવાનો છે, ખાસ કરીને ઉત્તરી સરહદ પરના ઊંચા પર્વતીય વિસ્તારોમાં. નવેમ્બર 2022માં ભારતે રશિયા સાથે 120 લોન્ચર્સ અને 400 મિસાઈલ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. રશિયામાંથી પ્રથમ બેચની ડિલિવરી કરવામાં આવી છે, જ્યારે બાકીની સિસ્ટમ્સનું નિર્માણ ભારતમાં એક ભારતીય કંપની દ્વારા રશિયાની ટેક્નોલોજી ટ્રાન્સફર દ્વારા કરવામાં આવશે. Igla-S એ હાથથી પકડેલી એક સંરક્ષણ પ્રણાલી છે જે એક વ્યક્તિ અથવા ક્રૂ દ્વારા સંચાલિત કરી શકાય છે.

**➢ આસોલા ભાટી વન્યજીવ અભયારણ્ય**

તાજેતરમાં દિલ્હી વન વિભાગે દુર્લભ મૂળ વૃક્ષોના સંરક્ષણ માટે આસોલા ભાટી વન્યજીવ અભયારણ્યમાં ટીશ્યુ કલ્ચર લેબની સ્થાપના કરવાની પહેલ કરી છે. લેબનો પ્રાથમિક ઉદ્દેશ્ય દિલ્હીમાં નિયંત્રિત વાતાવરણમાં આક્રમક મૂળ વૃક્ષો ઉગાડવાનો છે અને આક્રમક પ્રજાતિઓને કારણે પુનઃજનન પડકારોનો સામનો કરી રહેલા છોડની પ્રજાતિઓને પુનર્જીવિત કરવાનો છે. ટીશ્યુ કલ્ચર લેબોરેટરી ઈન–વિટ્રો સંપૂર્ણ રીતે ઉગાડવામાં આવેલા છોડમાંથી છોડના પેશીઓ કાઢવા માટે સક્ષમ હશે, જેનાથી એક વૃક્ષમાંથી બહુવિધ વૃક્ષો ઉગાડવામાં આવશે. આ માટે વન વિભાગ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE) અને ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (FIR)ના વનસ્પતિશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોની મદદ લેશે.

**➢ ICGS 'સમુદ્ર પહેરેદાર' આસિયાન દેશોમાં તૈનાત**

ભારતીય કોસ્ટગાર્ડનું પોલ્યુશન કંટ્રોલ વેસેલ(PCV) સમુદ્ર પહેરેદાર તાજેતરમાં બ્રુનેઈના મુઆરા કિનારે પહોંચ્યું છે જે આસિયાન દેશોમાં તેની ચાલુ વિદેશી તૈનાતીના ભાગરૂપે છે. 2022માં જાહેર કરાયેલ દરિયાઈ પ્રદૂષણ પર ભારત-આસિયાન પહેલનો એક ભાગ છે. આ તૈનાતી માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત બનાવતી નથી પરંતુ સાગર, એક્ટ પોલીસી અને ઈન્ડો–પેસિફિક વિઝન પ્રત્યેના ભારતના દરિયાઈ અભિગમ સાથે પણ સંરેખિત થાય છે, જે દરિયાઈ સુરક્ષા માટેની સહિયારી ચિંતાઓ પર ભાર મૂકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

### ➤ સંપૂર્ણ સૂર્યગ્રહણ



તાજેતરમાં સંપૂર્ણ સૂર્યગ્રહણ ઉત્તર અમેરિકા, મેક્સિકો, યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાંથી પસાર થશે. રોયલ મ્યુઝિયમ્સ ગ્રીનવિચ સૂચવે છે કે પૃથ્વી પરના કોઈ સ્થાન પર પર સંપૂર્ણ સૂર્યગ્રહણ થાય તે પછી, તે સ્થાન પર બીજું સૂર્યગ્રહણ જોવામાં લગભગ 400 વર્ષ લાગશે. જ્યારે ચંદ્ર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે છે ત્યારે સૂર્યગ્રહણ થાય છે. ચંદ્ર સૂર્યના પ્રકાશને સંપૂર્ણપણે અથવા આંશિક રીતે અવરોધે છે, જેના કારણે તેનો પડછાયો પૃથ્વીના કેટલાક ભાગો પર પડે છે. સૂર્યગ્રહણના ચાર અલગ અલગ પ્રકાર છે, પૂર્ણ સૂર્ય ગ્રહણ, વાર્ષિક સૂર્યગ્રહણ, આંશિક સૂર્યગ્રહણ અને હાઈબ્રિડ સૂર્યગ્રહણનો સમાવેશ થાય છે.

### ➤ AUKUS ગઠબંધન સભ્યપદનો વિસ્તાર કરશે

AUKUS જોડાણ જેમાં ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને યુનાઈટેડ સ્ટેટ્સનો સમાવેશ થાય છે. તેઓ તેમની સભ્યપદના વિસ્તરણને લગતી ચર્ચાઓમાં જોડાવા માટે તૈયાર છે. AUKUS એ ત્રિપક્ષીય ભાગીદારી છે જેનો ઉદ્દેશ્ય બહેતર સહકાર દ્વારા સુરક્ષા અને સંરક્ષણ હિતોને મજબૂત કરવાનો છે. AUKUS સઘન માહિતી અને ટેક્નોલોજીની વહેંચણી તેમજ સુરક્ષા અને સંરક્ષણ સંબંધિત વિજ્ઞાન, ટેક્નોલોજી, ઔદ્યોગિક આધાર અને પુરવઠા શૃંખલાઓનું એકીકરણ સામેલ કરશે. તેની રચના વર્ષ 2021માં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના પ્રભાવનો સામનો કરવા માટે કરવામાં આવી હતી.

### ➤ 'મધર ઓફ ડ્રેગન' ધુમકેતુ



'મધર ઓફ ડ્રેગન' ધુમકેતુ તરીકે ઓળખાતી ખગોળશાસ્ત્રીય ઘટના જેને ઔપચારિક રીતે ધૂમકેતુ 12P/Ponce-Brookes તરીકે ઓળખવામાં આવે છે, તે હાલમાં ઉત્તરીય ગોળાર્ધના આકાશમાં જોવા મળે છે. તે સૌપ્રથમ 19મી સદીની શરૂઆતમાં મળી આવ્યું હતું અને તે તેની લાક્ષણિક ગ્રીન ચમક માટે જાણીતુ છે. આ રંગ ધૂમકેતુની અંદર ડાયટોમિક કાર્બન પરમાણુ હાજરીને કારણે છે. તે તેની જ્વાળામુખીની પ્રવૃત્તિ માટે જાણીતુ છે. મોટાભાગના ધૂમકેતુઓથી વિપરીત તે તેના મૂળમાંથી બરફ અને ધૂળ ફૂંકીને બહાર આવે છે. આ વિસ્ફોટો પૃથ્વી પરથી ધૂમકેતુને વધુ તેજસ્વી અને સરળ બનાવે છે, જેનાથી તેને મધર ઓફ ડ્રેગન નામ મળ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં કોડાઈકેનાલ સૌર વેધશાળાએ તેની _____ મી જન્મજયંતિ ઉજવી હતી. – 125

2. પેરિસમાં યોજનારી 33મી સમર ઓલિમ્પિક 2024માં જ્યુરી સભ્ય તરીકે નિયુક્ત થનાર પ્રથમ ભારતીય કોણ બન્યું છે ? – બિલક્વિસ મીર

3. તાજેતરમાં સમાચારમાં રહેલ ફણીગીરી બૌદ્ધ સાઈટ કયા રાજ્યમાં આવેલી છે ? – તેલંગાણા

4. તાજેતરમાં ભારતીય કોસ્ટગાર્ડ એક્વેટિક સેન્ટરનું ઉદ્‌ઘાટન કયા સ્થળે કરવામાં આવ્યું હતું ? – રામેશ્વરમ, તમિલનાડુ

5. લુનર પોલર, એક્સપ્લોરેશન મિશન (LUPEX), તાજેતરમાં સમાચારમાં હતું, તે કઈ બે અવકાશ એજન્સીઓ વચ્ચેનું સંયુક્ત મિશન છે ? – ISRO અને JAXA

6. તાજેતરમાં 'પરિવર્તન ચિંતન' નામની પ્રથમ ત્રિપક્ષીય સેવા આયોજન પરિષદ કયાં યોજાઈ હતી ? – દિલ્હી

7. ઉરલ નદીના પૂર ઓર્સ્કને કારણે કયા દેશે ઓરેનબર્ગ પ્રદેશમાં સંઘીય કટોકટી જાહેર કરી છે ? – રશિયા

8. ભારત કયા વર્ષ સુધીમાં યુરિયાની આયાતને સમાપ્ત કરવાનું લક્ષ્ય ધરાવે છે ? – 2025

9. તાજેતરમાં કયા દેશમાં અમીર શેખ મેશાલના નેતૃત્વમાં પ્રથમ સંસદીય ચૂંટણી યોજાઈ હતી ? – કુવૈત

10. નેશનલ ફેમી એવોર્ડ્સ 2024માં ડિસ્ટિંગ્વશ્ડ ઓવરસીઝ ડેન્ટલ સ્પેશિયાલિસ્ટના ખિતાબથી કોને નવાજવામાં આવ્યા હતા ? – કાર્તિક કોમ્મુરી

11. ટેલ વેલી વન્યજીવ અભયારણ્યમાં તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત શોધાયેલ નેપ્ટીસ ફિલીરા કઈ પ્રજાતિ સાથે સંબંધિત છે ? – બટરફલાય

12. ભારતના કયા રાજ્યમાં ગણગૌર ઉત્સવ ઉજવવામાં આવે છે ? – રાજસ્થાન

13. ભારતે કયા દેશના સિત્વે બંદર પર તેની દરિયાઈ હાજરીનો વિસ્તાર કરીને ઓપરેશનલ નિયંત્રણ મેળવ્યું છે ? – મ્યાનમાર

14. પલાઉ અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે કોન્સ્યુલર ડે 2024માં 'મેડલ ઓફ ઓનર' કોને મળ્યો છે ? – નીરજ શર્મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. કયો દેશ ભારતને પાછળ છોડીને રશિયન સીબોર્ન ક્રૂડનો સૌથી મોટો આયાતકાર બન્યો છે ? – ચીન

16. FSSAI એ કયા શહેરમાં ખોરાકમાં જંતુનાશક અવશેષો ઘટાડવા અંગે જાગૃતિ અભિયાન શરૂ કર્યુ છે ? – નવી દિલ્હી

17. ભારતના કયા મિશનની ટીમને 2024નો જ્હોન એલ. 'જેક' સ્વિગર્ટ જુનિયર એવોર્ડ એનાયત કરાયો છે ? – ચંદ્રયાન-3

18. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલી સી–ડોમ એર ડિફેન્સ સિસ્ટમ કયા દેશે વિકસાવી છે ? – ઈઝરાયેલ

19. તાજેતરમાં કોઓર્ડિનેટેડ લુનાર ટાઈમ (LTC) નામના ચંદ્ર માટે સમય માનક સ્થાપિત કરવા માટે કઈ અવકાશ સંસ્થાને નિર્દેશ આપવામાં આવ્યો છે ? – NASA

20. કેનેરા બેંકે તાજેતરમાં સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય પૂરી પાડવા માટે કઈ સંસ્થા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – IIT બોમ્બે

21. તાજેતરમાં ડિમેન્શિયા પર બ્રિટનની સંશોધન ટીમનો ભાગ બનવા માટે કોની પસંદગી કરવામાં આવી છે ? – અશ્વિની કેશવન

22. તાજેતરમાં સમાચારમાં રહેલ 'CDP - સુરક્ષા' પ્લેટફોર્મનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ? – બાગાયતના ખેડૂતોને સબસિડી આપવા માટે

23. તાજેતરમાં સેન્ટ્રલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથી દ્વારા આયોજિત હોમિયોપેથી સિમ્પોઝિયમનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

24. કઈ સંસ્થા ગર્લ ચાઈલ્ડ એમ્પાવરમેન્ટ મિશન (GEM)ની નવી આવૃત્તિ શરૂ કરવા માટે તૈયાર છે ? – NTPC

25. લક્ષદ્વીપમાં શાખા ખોલનારી પ્રથમ ખાનગી બેંક કઈ બની છે ? – HDFC બેંક

26. નવી RBI માર્ગદર્શિકા હેઠળ કઈ બેંકે પ્રથમ ક્રેડિટ ડિફોલ્ટ સ્વેપ (CDS) વેપારમાં ભાગ લીધો હતો ? – SBI

27. તકનીકી સહયોગ દ્વારા ભારતની ખનિજ સુરક્ષા વધારવા માટે કઈ સંસ્થા CSIR-IMMT સાથે દળોમાં જોડાઈ છે ? – KABIL

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

મિત્રો PSI-કોન્સ્ટેબલની તમામ અપડેટ
અને મટીરીયલ મેળવવા માટે નીચે આપેલ
બોક્સ પર ક્લિક કરીને અમારા
વોટ્સએપ ગ્રૂપમાં જોડાઇ જાઓ

વોટ્સએપ ગ્રુપ માં જોડાવવા માટે
આ બોક્સ પર ક્લિક કરો

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT